# પ્રાર્થના પ્રવચન કાર્યક્રમ



**ડૉ. બિજલ આર. મિસ્ત્રી**

કન્વીનર

જે મારા ભાગ્યમાં નથી એ દુનિયાની કોઈ તાકાત
મને આપી શકે તેમ નથી,
મારા ભાગ્યમાં છે એને દુનિયાની કોઈ તાકાત
મારી પાસેથી છીનવી શકે તેમ નથી,
ઈશ્વરીય શક્તિ અશક્યને શક્ય બનાવે છે.
માટે કર્મ એજ 'કામધેનુ' અને પ્રાર્થના એ જ 'પારસમણિ'

પ્રાર્થનામાં અસીમ શક્તિ રહેલી છે. કહેવાય છે હ્રદયપૂર્વક કરેલી પ્રાર્થના ક્યારેય અફળ નથી જતી આત્માની પરમાત્મા સાથેની આ દિલની વાત એ જ પ્રાર્થના પ્રાર્થનાથી અનંત જ્ઞાન, અનંત શક્તિ આત્માશુદ્ધિ અને પરમાત્માનું સામિપ્ય અનુભવી શકાય છે. ડૂબતાનો તારણહાર અને સંજીવની પ્રાર્થના જ છે.

પરમાત્મા સાથે દિલની વાત કરવા કોલેજમાં દિવસની શરૂઆત "સામૂહિક પ્રાર્થના" થી કરવામાં આવે છે. પ્રશિક્ષણાર્થીઓની સર્વ શક્તિઓનો વિકાસ કરવા તેમના દ્વારા દરરોજ પ્રાર્થના, ગીત, વકતવ્ય પ્રતિજ્ઞાપત્ર અને વંદેમાતરમ્ ગાન રજૂ કરવામાં આવે છે પ્રતિજ્ઞાપત્ર ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અને અંગ્રેજી એમ ચારેય ભાષામાં સામૂહિક રીતે નિયમિત રજૂ કરવામાં આવે છે.

સમગ્ર પ્રક્રિયા બી.એડ્‌ની પ્રશિક્ષણાર્થીઓમાં સઘળા કૌશલ્ય વિકસાવવા માટે કરવામાં આવે છે

**પ્રાર્થના પ્રવચન કાર્યક્રમનાં હેતુઓ :-**

- પ્રશિક્ષણાર્થીનું તન અને મન ઈશ્વર તરફ વળે.
- પ્રશિક્ષણાર્થીમાં ગાન તથા અભિવ્યક્તિ કૌશલ્યનો વિકાસ થાય.
- પ્રશિક્ષણાર્થીઓ વિવિધ વિષયો પર પ્રેરણાદાયી વિચારો રજૂ કરતા થાય.
- પ્રશિક્ષણાર્થીઓ ઉત્કૃષ્ટ વકતવ્ય માટેના પુસ્તકો વાંચવા માટે પ્રેરાય.
- પ્રશિક્ષણાર્થીની મૌખિક અભિવ્યક્તિનો વિકાસ થાય.
- પ્રશિક્ષણાર્થીઓમાંથી સ્ટેજ ફીઅર દૂર થાય અને સ્વતંત્ર અભિવ્યક્તિ માટેનો આત્મવિશ્વાસ વધે.
- પ્રશિક્ષણાર્થીઓમાં એકબીજા માટે સહકાર અને સમજણની ભાવનાનો વિકાસ થાય.

સમગ્ર વર્ષ દરમ્યાન પ્રશિક્ષણાર્થીઓ દ્વારા પ્રાર્થના સભામાં સર્વપ્રથમ સમૂહમાં ૐકાર ગાન કરવામાં આવે છે. ત્યારબાદ શ્લોકગાન, પ્રાર્થના, શ્લોકગાન ગીત, પ્રવચન, પ્રતિજ્ઞાપત્ર અને વંદેમાતરમ્ગાન કરવામાં આવે છે. પ્રશિક્ષણાર્થીઓનો ઉત્સાહ વધારવા તથા તેમને જરૂરી પ્રેરણા પૂરી પાડવા અધ્યાયપકો દ્વારા ફીડબેક પણ આપવામાં આવે છે.

આ સમગ્ર વ્યવસ્થામાં પ્રાર્થના પ્રવચન કાર્યક્રમના ઈન્ચાર્જ અને તેના મંત્રી (પ્રશિક્ષણાર્થી) કાર્ય કરે છે. સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવે છે. શ્લોકગાન તથા પ્રાર્થનાના શબ્દો નીચે પ્રમાણે છે.

| **વાર** | **શ્લોક** | **પ્રાર્થના** | **શ્લોક** |
|---|---|---|---|
| સોમવાર | યા કુન્દે... | ૐ તત્સત શ્રી નારાયણ | ગુરૂ બ્રહ્મા |
| મંગળવાર | વક્રતુંડ મહાકાય | પ્રભુ નમીએ | ગુરૂ બ્રહ્મા |
| બુધવાર | ત્વમેવ માતા ચ પિતા | તું પ્યાર કા સાગર હૈ | ગુરૂ બ્રહ્મા |
| ગુરૂવાર | વસુદેવ સુતમ્ | મૈત્રીભાવનું પવિત્ર | ગુરૂ બ્રહ્મા |
| શુક્રવાર | યા દેવી સર્વભુતેષુ | ઈતની શક્તિ | ગુરૂ બ્રહ્મા |
| શનિવાર | મનોજવં......... | તેરી પનાહમેં | ગુરૂ બ્રહ્મા |

પ્રશિક્ષણાર્થીઓની સાથે સાથે અધ્યાપકો પણ પ્રાર્થના પ્રવચન કાર્યક્રમ અંતર્ગત દર ગુરૂવારે વિવિધ ગીતો તથા પ્રશિક્ષણાર્થીઓને ભવિષ્યમાં ઉપયોગી બને તેવા વિષયો પર પોતાના વિચારો રજૂ કરે છે.

| **વર્ષ ૨૦૨૨-૨૦૨૩ દરમ્યાન અધ્યાપકોએ વ્યક્ત કરેલા ગીતની યાદી, વક્તવ્યના વિષય તથા પુસ્તક સમીક્ષાની યાદી નીચે પ્રમાણે છે** | | | |
|---|---|---|---|
| ક્રમ | નામ | ગીત/વક્તવ્ય/પુસ્તક સમીક્ષા | વિષય |
| ૧ | ડૉ. ડી. આર. પરમાર | ગીત<br>વકતવ્ય | થાય સરખામણી - ગઝલની ગુંજતી સરગમ<br>મનનો માળો "ટેડ" વાર્તા |
| ૨ | ડૉ. ડી.એમ. પટેલ | ગીત<br>પ્રવચન<br>ગીત | ડાકોરના ઠાકોર<br>મેજીક વોટર, સુખ દુઃખ<br>મારુ જીવન સુગંધી બને |
| ૩ | ડૉ. એમ.આર. સોલંકી | પુસ્તક સમીક્ષા<br>ગીત<br>પ્રવચન<br>પ્રવચન | વિદ્યાર્થી જીવનમાં જ પોતાનું લક્ષ્ય નક્કી કરો<br>શંભુ ચરણે પડી, ભક્તિ કરતા છૂટે મારા પ્રાણ<br>TET/TAT Question<br>TET/TAT સમજૂતી |
| ૪ | ડૉ. બિજલ આર. મિસ્ત્રી | પુસ્તક સમીક્ષા<br>ગીત<br>પ્રવચન<br>પ્રવચન | અનુભવ (રાજભાસ્કર)<br>યે દુનિયા ઈક દુલ્હન<br>સિંહણની દિલેરી (નારી શક્તિ)<br>જીંદગીના મિલેગી દોબારા |
| ૫ | ડૉ. એમ. એચ. રાઠોડ | પુસ્તક સમીક્ષા<br>ગીત<br>ગીત<br>ગીત | માટીએ ઘડ્યા માનવી<br>મેરી આપકી કૃપા સે<br>ગરબો - કુમ કુમ કેરા<br>આઓ તુમ્હે ચાંદ |
| ૬ | ડૉ. એસ. બી. ખૈર | પુસ્તક સમીક્ષા<br>ગીત<br>ગીત<br>પ્રવચન | ધ્યેય (રાજ ભાસ્કર)<br>દેવા હો દેવા<br>જળકમળ છાંડી<br>TET/TAT Question |
| ૭ | ડૉ. અર્પિતા ડી. વાઘેલા | પુસ્તક સમીક્ષા<br>ગીત<br>ગીત<br>ગીત | પોલીએના<br>ગઝલ<br>ભારત કી બેટી<br>પ્યાસા હિરન |
| ૮ | ડૉ. વી.એલ. ભાવસાર | વકતવ્ય | કૌટુંબિક ગુણવત્તામાં<br>માતા પિતાની ભૂમિકા |

આ સાથે બી.એડ્ કર્યા બાદ પ્રશિક્ષણાર્થીઓ TET/TATની Exam સફળતા પૂર્વક પાસ કરી શકે તે માટે અધ્યાપક અને પ્રશિક્ષણાર્થીઓ દ્વારા જુદા જુદા વિષય તથા જનરલ નોલેજના પ્રશ્નો બનાવી વિદ્યાર્થીઓ સમક્ષ પ્રાર્થના સભામાં PPT દ્વારા રજૂ કરવામાં આવે છે.